અપીલ અરજી નં.૨૨૭ તા.૬-૧૧-૦૮/૦૯

અરજદારઃ શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન

**હુકમઃ-**

***વિષય :***-આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૧૫-૯-૦૮ ની અરજીથી ડે.કમિશ્નરશ્રી મહેશસીંધે સાઉથઝોન(ઉધના)માં ઝોનલ ચીફ તરીકે ચાર્જ સંભાળ્યા બાદ કરેલ કાર્યવાહીની મુદ્દા નં.૧ થી ૩ નીમાહિતી આપવા બાબત.

***સંદર્ભ :***- અરજદાર મજકુરની તા.૬-૧૧-'૦૮ ની અપીલ અરજી નં.૨૨૭/૨૦૦૮-૦૯

શ્રી રમેશ કે. જાંગીડની તા.૧૫-૯-૦૮ ની અરજીથી ડે.કમિશ્નરશ્રી મહેશસીંધે સાઉથઝોન(ઉધના)માં ઝોનલ ચીફ તરીકે ચાર્જ સંભાળ્યા બાદ કરેલ કાર્યવાહીની મુદ્દા નં.૧ થી ૩ નીમાહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ના પત્ર નં.સા.ઝોન/ટેક/આ નં.૫૬૭૩તા.૧૪-૧૦-૦૮થી આપેલ માહિતી અધુરી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૬-૧૧-૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૬૪ તા.૧૪-૧૧-૦૮ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનને પત્ર પાઠવવામાં આવેલ.જેના અનુસંધાને તેઓ તરફથી કોઈ વિગતો મળેલ નથી કે માહિતીના આંશિક ઈન્કાર માટે કોઈ અપવાદ અરજદારને રજુ કરેલ જણાતો નથી. પરંતુ અરજદારે અપીલ સાથે અત્રે રજુ કરેલ વિગત અનુસાર જાહેર માહિતી અધિકારીના તા.૧૪-૧૦-૦૮ ના પત્રથી આંશિક માહિતી આપ્યાનું જણાય છે.

અરજદારે તા.૧૫-૯-૦૮ ની અરજીમાં માંગ્યા મુજબની માહિતી અધૂરી પૂરી પડાયેલ છે તેવી રજુઆત કરેલ છે. અરજદારને કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારના મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી અરજદારને પૂરી પડાયેલ છે. અરજદારે અધૂરી માહિતી અંગે કોઈ વાજબીપણું કે આધાર પુરાવા રજુ કરેલ નથી. તેમ છતાં અરજદારને મુળ અરજીમાં ગેરકાયદેસર બાંધકામ તોડવા અંગે મિલ્કત ધારકો પાસેથી જે જે રકમ વસુલાતમાં આવી હોય તે સામે આપના વિભાગ ધ્વારા મિલ્કતધારકને આપવામાં આવેલ રસીદોની પ્રમાણિત નકલોની તથા ગેરકાયદેસર બાંધકામ અંગે નામ, સરનામા,ડીમોલેશનની તારીખ વિગેરે સબંધી માહિતીની માંગણી પણ કરેલ છે તેની માહિતી પૂરી પડાયેલ જણાતી નથી.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" જાહેર માહિતી અધિકારીએ જે માહિતી અરજદારને આપેલ છે તે ધ્યાને લેતાં અરજદારે માંગેલ મુદ્દા નં.૧ અને ૨ ના અનુસંધાને માંગેલ માહિતી પૂરી પાડી શકાય. જેથી નહીં પૂરી પાડેલ સદર દફતરી માહિતી આરટીઆઈ એકટની કલમ-૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : -૧૨ -૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
અ***ને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી,ઉધના ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,